## જન્મદિને વધામણી



નરેન્દ્રભાઈ રમણલાલ ભાવસાર
(૧૮-૧૦-૧૯૪૭) મો. ૮૧૨૮૪ ૪૦૭૦૦



પ્રફુલભાઈ એ બ્રહ્મભટ્ટ
(૧૮-૧૦-૧૯૬૩) મો. ૯૪૨૯૦ ૬૬૭૪૭

# માનસિક-શારીરિક વિશિષ્ટ વ્યક્તિઓ માટે 'બાળુડાના ગરબા'નું ભવ્ય આયોજન



## ૨૦૦ જેટલા શારીરિક-માનસિક વિશિષ્ટ વ્યક્તિઓ સાથે બે કૉલેજ, એક સ્કૂલ અને અડધો ડઝન સંસ્થાઓના ૭૦૦થી વધુ ખેલૈયાઓ, નાગરિકો જોડાયા

ગાંધીનગર, તા. ૧૫

પ્રતિવર્ષ નવરાત્રી દરમ્યાન યોજાતા શારીરિક-માનસિક વ્યક્તિઓ માટેના ખાસ ગરબા ઉત્સવ 'બાળુડાના ગરબા'એ શનિવારે પોતાના આયોજનથી જિલ્લામાં આ પ્રકારના સૌથી મોટા કાર્યક્રમ હોવાનું બહુમાન વધુ એક વખત પ્રાપ્ત કર્યું હતું.

જી ઈ ક્લબ, ગ્રો ફાઉન્ડેશન અને 'સાધના'ના આયોજનમાં ૨૦૦ જેટલા શારીરિક-માનસિક વિશિષ્ટ વ્યક્તિઓની સાથે બે કૉલેજ, એક સ્કૂલ અને અડધો ડઝન સંસ્થાઓના ૭૦૦થી વધુ ખેલૈયાઓએ બલરામ મંદિર, પરિસર, સૅક્ટર-૧૨ ખાતે ઉલ્લાસપૂર્વક ગરબે રમીને સામાન્ય-અસામાન્યના ભેદને માટે મિટાવી દીધો હતો, જેના કારણે એક સંવેદનશીલ માહોલનું નિર્માણ થયું હતું. નગરના ગણમાન્ય મહાનુભાવો પણ આ પ્રસંગને પ્રોત્સાહન આપવા ઉપસ્થિત રહ્યા હતા. વિશિષ્ટ વ્યક્તિઓ માટેના આ ગરબા ઉત્સવનું ઉદ્‌ઘાટન પણ વિશિષ્ટ રીતે કરવામાં આવ્યું હતું. ગત જુલાઈ માસ દરમ્યાન અમેરિકાના લૉસ ઍન્જેલસ ખાતે સ્પેશિયલ ઑલિમ્પિક્સમાં ભાગ લઈ ગોલ્ડ મૅડલ જિતનારા ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના માણેકપુર ગામના વિશિષ્ટ ખેલાડી સુનીલ બેચરભાઈ પટેલને આ કાર્યક્રમના ઉદ્‌ઘાટક તરીકે ઉપસ્થિત રાખવામાં આવ્યો હતો અને જાહેરમાં તેનું સન્માન કરવામાં આવ્યું હતું. બ્રહ્માકુમારીઝનાં સંચાલિકા કૈલાસદીદી, શીખ સમાજના વડા મનજિતસિંહજી, ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર કાર્તિક પટેલ, ગુડાના ચૅરમૅન આશિષ દવે, સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવાના પ્રમુખ જીલુભા ધાધલ, ઍડવોકેટ અશ્વિન ત્રિવેદી, શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. ઉર્મિલા ચૌધરી, ગાંધીનગર જિલ્લા રેડક્રોસના ચૅરમૅન મેહુલ શાસ્ત્રી, નગરના સિનિયર કલાકાર જયરાજસિંહ સરવૈયા, હસમુખ મૅકવાન, અગ્રણી સમાજસેવક જયેન્દ્રભાઈ પરીખ, નિલેન્દુ વોરા સહિત અનેક સંવેદનશીલ મહાનુભાવો, નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમની યજમાની કરનાર સંસ્થા કચ્છ કડવા પાટીદાર શહેર સમાજે તો બાળુડાઓ માટે લાગણીનો ધોધ વહાવ્યો હતો અને ન માત્ર એમની ગરબા ખેલવાની પરંતુ ભોજનની વ્યવસ્થા પણ હોંશે-હોંશે કરી હતી. સમાજના અગ્રણીઓ, હોદ્દેદારો આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને બાળુડાઓની સરભરા માટે એમણે લાલ જાજમ બિછાવી દીધી હતી.

માનવસ્મૃતિ શાળા, સરગાસણ, સમર્પણ મૂક-બધિર શાળા, સેક્ટર-૨૮, અંધ શાળા, સેક્ટર-૧૬, સદ્‌ભાવ માનસિક સ્વાસ્થ્ય કેન્દ્ર, સેક્ટર-૧૩, સ્મૃતિવિકાસ શાળા, પ્રાંતિયા, સંવેદન, સેક્ટર-૬ના વિશિષ્ટ વ્યક્તિઓ સાથે શ્રી અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ, પ્રેરણા વિદ્યાલય, શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને નગરની સેવા-સાંસ્કૃતિક સંસ્થાઓના હોદ્દેદારો, સભ્યો, સામાન્ય નાગરિકો સાથે મળીને ગરબે ઘૂમ્યા હતા.

(તસવીર : કશ્યપ નિમાવત)

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
પ્યાર કા પંચનામા-૨
૧૦.૪૫, ૧.૪૫, ૪.૪૦, ૭.૩૫, ૧૦.૩૦

**સ્ક્રીન-૨**
પ્યાર કા પંચનામા
૯.૩૦, ૩.૩૦, ૯.૩૦
સિંઘ ઈઝ બ્લિંગ
૧૨.૨૫, ૬.૩૦
જઝ્બા
૬.૩૦

**સ્ક્રીન-૩**
તલવાર
૧૦.૩૦, ૪.૦૦, ૯.૩૦
વેડિંગ પુલાવ
૧.૨૦, ૬.૫૦

**સ્ક્રીન-૪**
ગુજ્જુભાઈ ધી ગ્રેટ
૧૦.૪૫, ૪.૩૦, ૧૦.૩૦
જઝ્બા
૧.૪૫
બાંકે કી ક્રેઝી બારાત
૭.૩૦

## સૅક્ટર-૨ બી ખાતે ભૂલકાઓ દ્વારા સુંદર ગબ્બર તૈયાર કરાયો



ગાંધીનગર, તા. ૧૭

નવરાત્રી પર્વની ઉજવણી નિમિત્તે આપણે ત્યાં અનેકવિધ કાર્યક્રમો, આયોજનો યોજાય છે. એમાંય ખાસ કરીને નાના બાળકો દ્વારા ગબ્બરની પ્રતિકૃતિ તૈયાર કરવાનો મહિમા ગાંધીનગર શહેરમાં ખાસ જોવા મળે છે. બાળકો પોતાની કલ્પનાશક્તિ મુજબ ગબ્બર તૈયાર કરે છે અને આસપાસના રહીશો એમને પ્રોત્સાહન પણ આપે છે.

આવો જ એક સુંદર ગબ્બર સૅક્ટર-૨ બીનાં વસાહતી બાળકોએ તૈયાર કર્યો છે, જ્યાં બાળકો સાથે વસાહતીઓ પણ નિયમિત ભાવપૂર્વક આરતી પણ કરે છે.

## કસ્તૂરબા સ્ત્રી અધ્યાપન મંદિર ખાતે સુરક્ષા સેતુ કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૧૭

સુરક્ષા સેતુ પ્રૉજેક્ટ અંતર્ગત ગાંધીનગર જિલ્લા પોલીસ આયોજિત મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર વાડોકાઈ કરાટે ડો ઍકેડેમી, ગુજરાતના સહયોગથી કસ્તૂરબા સ્ત્રી અધ્યાપન મંદિર, કોબા ખાતે યોજવામાં આવી હતી.

પોલીસ હાર્ટનાં રૂઝાન ખંભાતા, વાડોકાઈના ટૅકનીકલ ડિરેક્ટર અરવિંદ રાણા, સિનિયર કોચ સોમાજી ચૌહાણ, રાજેશભાઈ બુંદેલા, ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનનાં પીઆઈ મીનાબેન, સંસ્થાના પ્રતિનિધિ દીપિકાબેન રાવલ તથા કસ્તૂરબા પરિવારની ઉપસ્થિતિમાં ગઈકાલે આ શિબિરનો સમાપન સમારોહ યોજવામાં આવ્યો હતો.

સમારોહ અંતર્ગત તાલીમાર્થીઓના કરાટેનું ડૅમોન્સ્ટ્રેશન પણ યોજવામાં આવ્યું હતું અને તાલીમાર્થીઓને ઉપસ્થિત અતિથિઓના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. રૂઝાન ખંભાતાએ તાલીમાર્થીઓને મનનીય અને પ્રેરક પ્રવચન આપી મહિલાઓને તેમની સુરક્ષા કેવી રીતે કરવી તેની માહિતી અને માર્ગદર્શન આપ્યું હતું. અરવિંદભાઈ રાણાએ પોતાનામાં રહેલી શક્તિનો ઉપયોગ કરી સ્વબચાવ કેવી રીતે કરવો જોઈએ તેની સમજ શિબિરાર્થીઓને આપી હતી.

## ગાંધીનગરની બીબીએ કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ

ગાંધીનગર, તા. ૧૭

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન દ્વારા તૃતીય વર્ષનાં વિદ્યાર્થીઓને ઔદ્યોગીક મુલાકાત માટે સાણંદ ખાતે હિટાચી લિમિટેડ કંપનીમાં લઈ જવાયા. મુડી રોકાણકારોમાટે ભારત દેશ વિશ્વમાં ટોચનું સ્થાન પ્રાપ્ત કરી રહ્યુ હોય એ સમયે જો મેનેજમેન્ટનાં વિદ્યાર્થીઓ ખાલી પુસ્તકીયું જ્ઞાન મેળવે તો સમાજ અને ઉધોગ જગત તેનાથી લાભાન્વિત બની શકે નહી ત્યારે બીબીએ. કૉલેજ દ્વારા સાંપ્રત સમય ની માંગ ને અનુલક્ષી ને વિદ્યાર્થીઓ ને ત્રણવર્ષ નાં અભ્યાસકાળ દરમ્યાન ૬ વખત ઈંડસ્ટ્રિયલ વિઝિટ કરાવવા નો નિર્ણય લેવા માં આવ્યો છે. અહીં લગભગ ૧૩૦ જેટલી કંપનીઓ કાર્યરત બનશે તેવી માહિતી કંપની નાં અધિકારીશ્રી દ્વારા



આપવા માં આવી હતી. વિઝિટ દરમ્યાન વિદ્યાર્થીઓને ઉત્પાદનનાં વિવિધ તબક્કાઓ બાબતે સમજાવવામાં આવ્યા. કુલ ૬૦ વિદ્યાથીઓને ૨૦-૨૦ વિદ્યાર્થીઓની ૩ ટીમમાં વિભાજીત કરી પ્રોડક્શન અને ઑપરેશન્સ બાબતે માર્ગદર્શન આપવા માં આવ્યુ હતુ. આ વિઝિ ને સફળ બનાવવા "હિટાચી લિમિટેડ" કંપની નો ખૂબ જ સહકાર મળ્યો જેમા કંપનીનાં ૩ ઉચ્ચ અધિકારીઓએ વિદ્યાથીઓને ઉત્પાદન, સંચાલન અને વહીવટનાં વિવિધ પાસાઓથી વાકેફ કર્યા. તેમજ કૉલેજ તરફથી સમગ્ર વિઝિટ નું આયોજન સંસ્થા નાં આચાર્ય ડૉ. રમાકાન્ત પ્રસ્ટી નાં માર્ગદર્શન હેઠળ ઈંચાર્જ ડૉ. જયેશતન્ના તેમજ ક્લાસ મેંટર પ્રો. અમિતા પ્રજાપતિ તેમજ શ્રી ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા સફળતાપુર્વક પૂર્ણ કરવા માં આવ્યુ હતુ.

# બાળુડાના ગરબા..... જોવા લોક ટોળે વળ્યાં રે...

### સાથિયા પુરાવો દ્વારે, દીવડા પ્રગટાવો આજ... માનસિક-શારીરિક વિશિષ્ટ વ્યક્તિઓને તાળીઓના તાલે નચાવી સમાજના સંવેદનશીલ લોકોએ 'દેવના દીધેલ' માટે સંસ્કૃતિનો સુમેળભર્યો સમન્વય સાધ્યો

કુમકુમનાં પગલાં પડ્યાં, માડીનાં હેત ઢળ્યાં, જોવા લોક ટોળે વળ્યાં રે... અને હા, વાત સાચી જ છે. આ 'બાળુડાના ગરબા' જોવા લોકો ટોળે વળ્યાં જ હતાં. સતત અગ્યારમા વર્ષે સમાજના ઉપેક્ષિત અને કુદરતી માર ખાધેલાં બાળકોને હાથ પકડી ગરબે રમાડવાનો અને લાગણીથી એમની ને સમાજની સંવેદના જગાડવાનો આ અદ્‌ભૂત પ્રયાસ એટલે જાણે દિવ્ય શક્તિ મા અંબા દ્વારા આ પ્રવૃત્તિ કરવા માટે સદ્‌ભાગી લોકોમાં શક્તિનો સંચાર!

'દોસ્ત, સો રૂપિયા આપીશ? અમે એક વિશિષ્ટ કાર્યક્રમ કરવા જઈ રહ્યા છીએ, ૨૪૦૦ રૂપિયાની જરૂરિયાત છે, પણ એક વ્યક્તિ પાસેથી ૧૦૦ રૂપિયા જ ઉઘરાવવાનું નક્કી કર્યું છે.' કુંતલ નિમાવતે ૨૦૦૪ની સાલમાં પ્રથમવાર એક ટહેલ નાંખી, ૨૪ વ્યક્તિઓ પાસેથી રકમ એકઠી થઈ ગઈ.... સૅક્ટર-૫ એમાં નવરાત્રી ચોકમાં 'બાળુડાના ગરબા' પ્રથમવાર યોજાઈ રહ્યા હતા... સોસાયટીના સભ્યોએ જગ્યા લઈ લીધી અને ગરબા શરૂ થયા... એક પછી એક ઍક્સ્ટ્રા ઑર્ડિનરી ખેલૈયાઓએ ઍન્ટ્રી કરી...

માનવસ્મૃતિ, સરગાસણ, માનસિક સ્વાસ્થ્ય કેન્દ્ર, સૅક્ટર-૧૩ અને સૅક્ટર-૧૭, પ્રાંતિયા... એક બાદ એક માનસિક વિશિષ્ટ બાળકો તાલ મિલાવવા લાગ્યાં... ત્યાં બેઠેલા સૌએ આ બાળકોને ચિચિયારીઓથી વધાવી લીધાં... જવાબમાં એમણે પણ જોરદાર પ્રતિધ્વનિ કરી પોતાની ખુશી અભિવ્યક્ત કરી... ગરબા જામ્યા... સ્થાનિક વસાહતીઓએ પણ બાળકોને સાથ આપ્યો અને એમની સાથે ગરબામાં જોડાયા... એ પછી લાગણીઓનો જાણે કે નાયગ્રા ધોધ વહ્યો અને લ્હાણી, ઈનામો, પુરસ્કારો, મદદનો મહાસાગર ઉમટ્યો... સૌ કોઈ એક અલૌકિક આનંદની અનુભૂતિ કરતાં હતાં... અને એટલામાં ખબર પડી કે બે બાળકો ગાયબ છે...

આ કાર્યક્રમની પરિકલ્પના જેની હતી એ યુવાન જિજ્ઞેશ રાવલ દોડતા થઈ ગયા. ગાયબ થયાં હતાં એ બે બાળકો માનસિક વિશિષ્ટ હતાં, જ્યાં રસ્તો દેખાયો ત્યાં ચાલવા માંડ્યાં... માતાજીની કૃપા થઈ અને બંને બાળકો જિજ્ઞેશને મળી ગયાં અને આ વાત પરથી બોધ લીધો કે વિશિષ્ટ બાળકોના ગરબા માટે જગ્યા પણ વિશિષ્ટ જ જોઈએ, ખુલ્લી નહીં...

એ પછી વાત ગાંધીનગર કલ્ચરલ ફૉરમ પાસે પહોંચી, પ્રમુખ કૃષ્ણકાન્ત જહાને કુંતલ નિમાવતે વાત કરી અને સાત વર્ષ કલ્ચરલ ફૉરમના ગ્રાઉન્ડમાં બાળુડાના ગરબા યોજાયા ને છેલ્લાં બે વર્ષથી એ જવાબદારી કચ્છ કડવા પાટીદાર શહેર સમાજે ઉપાડી છે, બલરામ મંદિરના આંગણે હવે આ ગરબા કાર્યક્રમ યોજાય છે.એ દરમ્યાન વધુ ને વધુ સંવેદનશીલ નાગરિકો કાર્યક્રમ સાથે જોડાતા ગયા...

આ આખુંય નેટવર્ક જે ઉભું થયું એમાં બધા અલગારી કલાકાર મિત્રો ભેગાં થયેલાં... કુંતલ નિમાવત, જિજ્ઞેશ રાવલ, વિપુલ પ્રજાપતિ, મોહમંદહબીબ શેખ, પ્રતિક્ષા નિમાવત, જયદીપ ઉપલા, ચંપક વાઘેલા, કમલેશ શાહ અને કશ્યપ નિમાવત... બધાં જ કલાકારો. નાટક, નૃત્ય કે ગરબાના શોખીનો. નિયમિત મળે ને સ્ટેજ શોનું આયોજન કરે. એમાં એક દિવસ માનસિક વિશિષ્ટ બાળકોના ગરબાનો વિચાર જિજ્ઞેશ રાવલે મૂક્યો. હેતુ એ હતો કે વિશિષ્ટ વ્યક્તિઓને સમાજની નજદીક લાવવા અને એમને પણ એક સમાન તક આપવાનો પ્રયાસ કરવો. સૌએ વધાવ્યો અને એમાંથી સમાજની સંવેદનાને જગાડતા એક અમર કાર્યક્રમનું નિર્માણ થઈ ગયું...





પ્રથમ કાર્યક્રમ માટે જેમની પાસેથી ૧૦૦ રૂપિયાનો સહયોગ પ્રાપ્ત કર્યો હતો એ સમાજભાવક વ્યક્તિ શરદભાઈ વ્યાસે 'બાળુડાના ગરબા'નો માહોલ જોઈને કુંતલને કહ્યું હતું : આ કાર્યક્રમ માટે તે મારી પાસેથી માત્ર ૧૦૦ જ રૂપિયા લીધા ? કાર્યક્રમ આ છે એમ મને કહ્યું હોત તો સમગ્ર કાર્યક્રમનો બધો ખર્ચ હું આપી દેત.'

વેસ્ટર્ન ઍગ્રી સીડ્‌સના ઍમડી નારણભાઈ પી પટેલે જ્યારે આ કાર્યક્રમ જોયો ત્યારે ગદ્‌ગદ્ થઈ ગયા ને 'મારે આજે ને આજે આ બાળકોને જમાડવાં છે' એવી પ્રેમજીદ કરી બેઠા... કેરવ દેસાઈના પરિવારમાં વડિલની તિથિ આવતી હતી તો એમણે બાળકોના નાસ્તાનું ખર્ચ આપી દીધું, મેહુલ પટેલ તો પરિવારના વડિલની પુણ્યતિથિ પ્રસંગે માનસિક બાળકોની સંસ્થામાં જઈને એમને વહાલથી ભરપેટ ભોજન જમાડી આવ્યા... કાર્તિક પટેલ, અશ્વિન ત્રિવેદી, જયેન્દ્રભાઈ પરીખ જેવાં કેટલાંય નામો છે, જે નવરાત્રી આવે એટલે સામે ચાલીને કુંતલનો સંપર્ક કરે છે, માત્ર બાળુડાના ગરબા કાર્યક્રમને સહાય કરવા માટે, એમાં સામેલ થવા માટે...

આવી તો કેટલીય મીઠી યાદો, કેટલાંય લાગણીભર્યા સંવાદો... ૧૧ વર્ષનો અહેવાલ લખીએ તો આ સ્થાન ઓછું પડે એટલે લોકોનો પ્રેમ આ કાર્યક્રમ સાથે જોડાયેલો છે.

નવરાત્રી એટલે ગરબા-ખેલૈયા એવું સાંભળ્યું હતું, પણ આ 'બાળુડાના ગરબા' એટલે શું ? ભલભલા અચંબામાં પડે... પણ જ્યારે આ માનસિક-શારીરિક વિશિષ્ટ બાળકોના ગરબાનું આયોજન થયું ત્યારે મનથી જેઓ બાળક છે, બાળખ જેવા અબુધ છે તેઓ 'બાળુડા' અને એમનો ગરબા ઉત્સવ એટલે 'બાળુડાના ગરબા'... આ શબ્દના સર્જનનો શ્રેય મારા મિત્ર કુંતલ નિમાવતને જાય છે અને આ સર્જનની સફળતા એ પણ છે કે રાજ્યભરમાં હવે માનસિક વિશિષ્ટ વ્યક્તિઓ માટે 'બાળુડા' શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે...

અબુધ બાળકોની વહારે આવેલી 'ધ ગ્રેટ ઍન્ટરટેઈનર્સ ક્લબ' એટલે કે જી ઈ ક્લબે આ જ કાર્યક્રમ નિમિત્તે ૨૦૦૪માં જિજ્ઞેશ રાવલને ગ્રો ફાઉન્ડેશન નામે એક સ્વતંત્ર સંસ્થા પણ બનાવી આપી, જે બાળુડાઓના કલ્યાણ અને વિકાસ માટે કાર્યરત છે. એ પછી જિજ્ઞેશ રાવલના નિયમિત પ્રયાસોથી બાળુડાના વાલીઓની એક સંસ્થા નામે 'સાધના' પૅરેન્ટ્સ ઍસોસિએશન ફૉર મૅન્ટલી ચૅલેન્જ્ડ પર્સન્સ પણ અસ્તિત્વમાં આવી અને હવે તો બાળુડાના ગરબાની મોટાભાગની જવાબદારી 'સાધના' જ ઉપાડી લે છે.

કુંતલ નિમાવતની જ પંક્તિ છે : જિંદગીય અજબ ખેલ કરે છે, ક્યારેક પાસ તો ક્યારેક ફેલ કરે છે... પણ અહીં તો કુદરતે જેમને ફેલ કર્યાં છે એવાં બાળુડાઓ ફન ફૅર કરે છે... બાળુડાના ગરબાની સફળતા એ છે કે હવે બાળુડાઓ સાથે ગરબે રમવા કે એમના પ્રત્યે સંવેદનાભર્યો હાથ લંબાવવા માટે યંગસ્ટર્સ પણ તૈયાર થઈ ગયાં છે... શ્રી અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ, શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ અને પ્રેરણા વિદ્યાલય એ શૈક્ષણિક સંસ્થાઓ છે, જે ન માત્ર આ કાર્યક્રમ દરમ્યાન પરંતુ વર્ષભર વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી બાળુડાઓની સાથે સંપર્કમાં રહે છે. સંવેદનશીલ સમાજના ઘડતરની જવાબદારી ઉપાડતા આ યુવાઓને જોઈને 'શાઈનીંગ ઈન્ડિયા'નું સ્વપ્ન સાકાર થતું દેખાય છે...

શનિવારે માનસિક-શારીરિક વિશિષ્ટ વ્યક્તિઓ સાથે નગરના સંવેદનશીલ નાગરિકોને પણ ગરબા રમતા જોયા ત્યારે લાગણીનો જે આવેશ અનુભવાયો એ તો અનુભવની જ વાત છે, એનું વર્ણન શબ્દોમાં શક્ય નથી અને એ જ અનુભૂતિ મેળવવા નગરના ૮૦૦થી વધુ સંવેદનશીલ નાગરિકો આ મહોત્સવમાં સામેલ થયા હતા.

સૌએ સાથે મળીને જાણે બાળુડાઓને ખુશી આપવાને જ પોતાનો ધર્મ બનાવી લીધો હોય એમ સૌ પ્રયત્નશીલ હતા. એમને જોઈને કહેવું જ પડે... વાહ ! ભાઈ, વાહ !

(તસવીર : કશ્યપ નિમાવત)



## રાજેશ વ્યાસને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા " વલી ગુજરાતી ગઝલ એવૉર્ડ " એનાયત



ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા માનનીય મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીના વરદ હસ્તે આપણી ભાષાના જાણીતા લોકપ્રિય ગઝલકાર શ્રી રાજેશ વ્યાસ "મિસ્કીન"નું એમના જન્મ દિવસે જ તા. ૧૬ ઑક્ટોબરના રોજ અમદાવાદ મેનેજમેન્ટ એસોશિયેશનના એચ.ટી. પારેખ હૉલમાં સાંજે છ કલાકે ગુજરાતી ગઝલના પ્રતિષ્ઠિત એવોર્ડ " વલી ગુજરાતી ગઝલ એવોર્ડ "થી સન્માન કરવામાં આવ્યું. જેમાં સ્મૃતિચિહન, રૂપિયા એક લાખનો ચેક અને શાલ અર્પણ કરવામા આવી હતી. આરંભે માનનીય મંત્રીશ્રી અને કવિ મિસ્કીનનું સ્વાગત શ્રી ભાગ્યેશ જહાએ કર્યું. તથા અન્ય મહાનુભાવોનું સ્વાગત અકાદમીના મહામાત્ર શ્રી મનોજ ઓઝા, ડૉ. કનૈયાલાલ ભટ્ટ અને ડૉ. કિરીટ શુકલ દ્વારા કરવામાં આવ્યું. આ પ્રસંગે અકાદમીના અધ્યક્ષશ્રી ભાગ્યેશ જહાએ કવિ મિસ્કીનની ગઝલોનો તલસ્પર્શી અભ્યાસ કરીને તેમની ગઝલોના વિવિધ પરિમાણો પ્રગટાવીને જણાવ્યું કે જેના હદયમાં વેદના નથી એમણે આ સંવેદન જગતમાં આવવું જ ના જોઈએ. કવિ મિસ્કીન ગઝલનો એક સાધુ છે, મહાત્મા છે, એમની ગરીબીના ત્રણ વૈભવ સાદગી, નિર્મળ હદય અને અધ્યાત્મભાવ વૈભવ ની વાત પણ સૂક્ષ્મ રીતે મૂકી હતી.

કવિની પ્રતિષ્ઠા કરતી વખતે ડૉ. નીતિન વડગામાએ કહ્યું કે મિસ્કીન ગઝલનું એક મૂર્ત સ્વરૂપ છે. એમણે લેખન, સંપાદન અને સંશોધન એમ ત્રણ પ્રકારે ગઝલમાં નિષ્ઠાથી કામ કર્યું છે. મિસ્કીન ગઝલનું ઉત્પાદન નહી પણ અનુષ્ઠાન કરે છે. કવિની ગઝલોનો વિશદ અભ્યાસ કરીને અંતે એમની અભિવ્યકિતના વિશેષો પણ જણાવ્યા હતા.

મંત્રી શંકરભાઈ ચૌધરીએ પોતાના વક્તવ્યમાં સ્કૂલમાં ભણી ગયેલા કલાપીના કાવ્યોની અસર અને અખાના છપ્પાના સંસ્કારો આજે પણ પોતાનામાં જીવિત હોવાનું અનુભવીને જણાવ્યું કે સાહિત્યકારોની મૈત્રી આપણને સુગંધિત કરે છે. કવિ મિસ્કીનનું સન્માન કરવાનું સદભાગ્ય મને મળ્યું એ મારી માટે અને રાજ્ય સરકાર માટે ગૌરવની વાત છે.

પોતાના પ્રતિભાવમાં કવિ મિસ્કીને પોતાની અનેક પ્રસિદ્ધ ગઝલોનું પઠન કરીને સૌ ભાવકોને મંત્રમૂગ્ધ કરી દીધા હતા. અંતે જણાવ્યું હતું કે ભારતના મોટા ગઝલકાર વલી સાહબના નામનો એવોર્ડ મને મળ્યો એ મારી માટે ખુબ મોટા ગૌરવની વાત છે. આ પ્રસંગે કવિ મિસ્કીનના નવા ગઝલ સંગ્રહ " પાણીયારાં ક્યા ગયાં " નું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં આભારવિધિ શ્રી લતાબેન હિરાણીએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હરદ્વાર ગોસ્વામીએ કર્યું હતું. આ સમારોહમાં અનેક સર્જકો અને ભાવકોથી ખીચોખીચ ભરાયેલા હૉલમાં બેસવાની ખુરશીઓ ઓછી પડી હતી.